તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૭ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૮૫ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરના દેવેન્દ્રને પેરાઓલમ્પિકમાં ગોલ્ડ મેડલ

**વીજ કરંટથી એક હાથ ખોયો તો બીજા હાથે ગોલ્ડ મેડલ જીત્યો : રીઓ પેરાઓલિમ્પિકમાં ભાલા ફેંકમાં ૬૩.૯૭ મીટરના નવા વિશ્વ રેકોર્ડ સાથે દેવેન્દ્ર ઝાઝરિયાનો ગોલ્ડ મેડલ : અગાઉ એથેન્સ ખાતેનો પોતાનો જ રેકોર્ડ તોડયો : ગાંધીનગર સાઈમાં ભાલા ફેંકના કોચ તરીકેની સેવા આપી રહેલા દેવેન્દ્ર ઝાઝરિયાને અર્જુન એવોર્ડ તથા પદ્મશ્રીથી સન્માનિત કરાયા છે**





ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (સાઈ) ખાતે ભાલા ફેંકની રમતમાં કોચ તરીકે પ્રશિક્ષણ આપી રહેલા અર્જુન એવોર્ડ વિજેતા પદ્મશ્રી દેવેન્દ્ર ઝાઝરિયાએ આજે રીઓ ખાતે પેરા ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. દેવેન્દ્ર ઝાઝરિયાએ ૬૩.૯૭ મીટર સાથે ભાલા ફેંકમાં નવો વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેવેન્દ્રને ટવીટર દ્વારા અભિનંદન પાઠવ્યા છે.

રીઓ પેરો ઓલિમ્પિક ગેમ્સમાં ભારતના ધ્વજવાહક બનનાર દેવેન્દ્ર ઝાઝરિયા મૂળ રાજસ્થાનના ચુરુ જિલ્લાના જયપુરીયા ખાલસા નામના નાનકડા ગામના ખેડૂત રામસીંગનો પુત્ર છે અને માત્ર ૯ વર્ષની વયે વીજ કરંટથી પોતાનો ડાબો હાથ તેમણે ગુમાવ્યો હતો. આમ છતાં અડગ મનના દેવેન્દ્રએ એશિયન ગેમ્સ, બ્રિટીશ ઓપન એથ્લેટિકસ ચેમ્પિયનશીપ, આઈડબલ્યુએએસ વર્લ્ડ ગેમ્સ, પેરા એશિયન ચેમ્પિયનશીપ, આઈપીસી વિશ્વ ચેમ્પિયન શીપ ઉપરાંત ૨૦૦૪માં એથેન્સ ખાતેની પેરા ઓલિમ્પિકમાં પણ ગોલ્ડ મેડલ જીતી ચુકયાં છે. સરકારે તેમને અર્જુન એવોર્ડ, શ્રેષ્ઠ રમતવીર એવોર્ડ તથા પદ્મશ્રી એવોર્ડ વડે સન્માન્યા છે. આ ઉપરાંત તેઓ મહારાણા પ્રતાપ સ્ટેટ સ્પોર્ટ એવોર્ડ અને ફીકી દ્વારા પેરા સ્પોર્ટ પર્સન એવોર્ડથી પણ સન્માનિત થઈ ચુકયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાને અભિનંદન પાઠવ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટવીટ કરી દેવેન્દ્ર ઝાઝરિયાને અભિનંદન આપતા લખ્યું છે કે 'દેવેન્દ્ર ઝાઝરિયાને તેમની ઐતિહાસિક સિધ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન. દેશને તેની સિધ્ધિ માટે ગૌરવની લાગણી છે.'

## બાળપણમાં વીજ કરંટથી એક હાથ ગુમાવ્યો હતો

દેવેન્દ્રને માત્ર ૯ વર્ષની વયે વીજ કરંટ લાગતા તેમનો ડાબો હાથ અડધો કાપવો પડયો હતો. આ ઘટના બાદ તેમની માતાએ તેમનામાં પ્રેરણાનો સંચાર કરી હતાશામાંથી બહાર લાવવાનું કામ કર્યું હતું. જેના કારણે અભ્યાસ સાથે તેમણે રમત ગમતમાં પણ નામના મેળવી હતી. દેવેન્દ્રએ પોતાના રેકોર્ડ પોતે જ તોડયા છે. તેઓ ભાલા ફેંક ઉપરાંત ડિસ્ક થ્રો અને શોટપુટમાં પણ અનેક મેડલ્સ જીતી ચુકયા છે. હાલ તેઓ દિપક ભારદ્વાજના કોચિંગ હેઠળ રીઓમાં ભાગ લઈ રહ્યાં છે.

# ડબલ્યુપીઆઈ ફુગાવો વધી ૩.૭૪ ટકા થયો

**ડબલ્યુપીઆઈ ખાદ્યાન્ન ફુગાવો ઘટીને ૮.૨૩ ટકા નોંધાયો : ડબલ્યુપીઆઈ અને સીપીઆઈ આધારિત ખાદ્યાન્ન ફુગાવામાં ઘટાડો નોંધાયો હોવા છતાં ડબલ્યુપીઆઈ ફુગાવો બે વર્ષની ઉંચી સપાટી ઉપર પહોંચી ગયો**

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




મુંબઈ, તા. ૧૪

જેની શેરબજારમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) આધારિત ફુગાવાનો આંકડો આજે જારી કરવામાં આવ્યો હતો. આ આંકડો ઓગસ્ટ મહિનામાં વધીને ૩.૭૪ ટકા થઈ ગયો છે જે જુલાઈ મહિનામાં ૩.૫૫ ટકા હતો. ડબલ્યુપીઆઈ ફુગાવામાં સતત પાંચમાં મહિનામાં વધારો થયો છે. એક વર્ષના ગાળામાં સતત ડિફ્લેશન બાદ ફુગાવામાં વધારો નોંધાયો છે. જો કે, રિટેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો જુલાઈ મહિનામાં ૬.૦૭ ટકાથી ઘટીને હાલમાં ૫.૦૫ ટકા થયો છે. બંને ઈન્ડેક્સમાં ખાદ્યાન્ન ફુગાવામાં ઘટાડો નોંધાયો હોવા છતાં ડબલ્યુપીઆઈ ફુગાવામાં વધારો જોવા મળ્યો છે અને આમા ઉંચી સપાટી જોવા મળતા તેની ચર્ચા જોવા મળી છે. ડબલ્યુપીઆઈ આધારિત ફુગાવો ઓગસ્ટ મહિનામાં ૩.૭૪ ટકા વધીને બે વર્ષની ઉંચી સપાટીએ પહોંચ્યો છે જેને લઈને આગામી દિવસોમાં શેરબજાર ઉપર તેની અસર રહેશે. ફુડ ઈન્ડેક્સને લઈને હંમેશા ગણતરી કરવામાં આવે છે.આરબીઆઈના નવા ગવર્નર ઉર્જિત પટેલ ઓક્ટોબર મહિનામાં

● અનુસંધાન પાન-૭ પર

# કોમેડિયન કપિલ શર્મા સામે છ કેસ દાખલ થતાં વધતી મુશ્કેલી

**એક બે દિવસમાં પ્રાથમિક તપાસ કરવામાં આવ્યા બાદ નોટિસ જારી કરાશે**



મુંબઈ,તા. ૧૪

લોકપ્રિય સ્ટેન્ડ અપ કોમેડિયન કપિલ શર્માની મુશ્કેલી હાલમાં વધી રહી છે. દેશના વાણિજ્ય પાટનગર મુંબઈના ઉપનગરીય ગોરેગાવ ફ્લેટમાં ગેરકાયદે નિર્માણ માટે કેસ દાખલ કરાયા બાદ તેની હવે પુછપરછ કરવામાં આવી શકે છે. પોલીસ દ્વારા તેને ટુંકમાં પુછપરછ માટે

● અનુસંધાન પાન-૭ પર

મહાપ્રયાણના માસાન્તે....



કોટિ કોટિ વંદન....

વિશ્વ વંદનીય
પૂજ્ય પ્રમુખસ્વામી બાપાના
પુણ્યાત્માને કોટિ કોટિ વંદન...

ભગવાન સૌનું કલ્યાણ કરે....
- પૂજ્ય પ્રમુખસ્વામી

ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ., ગાંધીનગર
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ાા, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬

ડો. હિમાંશુ પટેલ
ચેરમેન

મનુભાઈ બી. પટેલ
મેનેજીંગ ડિરેક્ટર

નરેન્દ્રભાઈ એમ. શાહ
વાઈસ ચેરમેન

હરેશ એ. પંચાલ
જનરલ મેનેજર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

અશોકભાઈ જી. પટેલ
પ્રવિણકુમાર ડી. પટેલ
અશોકભાઈ આર. પટેલ
ઘનશ્યામભાઈ કે. પટેલ
જયંતિલાલ એમ. પટેલ
વિક્રમભાઈ કે. પટેલ
ચન્દ્રકાન્તભાઈ સી. પટેલ
લાલસિંહ કે. વાઘેલા
વિપુલભાઈ આર. પટેલ
વિષ્ણુભાઈ આઈ. પટેલ
પ્રવિણભાઈ આઈ. પટેલ - કો.ઓપ.

તથા કર્મચારી પરિવાર